SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 73. 'તમે જોજો રે...' – 'સંતશ્રી ભવાનીદાસ'

ડૉ. વિજય કે. જાદવ

ભજનિક સંતકવિ ભવાનીદાસ જોધલપીરના પ્રથમ પાટવી શિષ્ય હતા. એમણે ગુરુમહિમા, બોધ-ઉપદેશ, વૈરાગ્ય, પરમતત્વ દર્શન અને આત્માનુભૂતિના ભજનોની રચના કરી છે. ભવાનીદાસે ૩૬૦ ભજન રચના રચી હોવાનું માનવામાં આવે છે. કંઠપરંપરામાં અને કેટલાક ભજનગ્રંથોમાં સચવાયેલી એમની થોડી રચનાઓ પ્રાપ્ત થાય છે. કાળના પ્રવાહમાં ભવાનીદાસની ઘણી બધી રચનાઓ અપ્રાપ્ય બની છે. 'ગુજરાતની આંતરચેતના' ભાગ-૨માં ડો.નાથાલાલ ગોહિલે સંત ભવાનીદાસની ૩૯ રચનાઓ ગ્રંથસ્થ કરી છે. ભવાનીદાસની 'સત બોલો', 'જંતર વાગે', 'તમે જો જો રે, આમાં જંતરીનો બજાવનારો કોણ છે !", "ગુણપતિ આયો રિદ્ધિ સિદ્ધિ લાયો, નિરભે નામ સૂણાયો..." , "હૈયાનાં કોરાં કાગળ લાવો, સહી કરીએ...." વગેરે જેવી ભજન રચના છે કે, જે ભજનિકો પાસેથી વારંવાર સાંભળવા મળે છે. જેમાંથી એક રચના 'તમે જો જો રે....' વિશે વિસ્તારથી જોઇએ.....

ગુરુ શિષ્ય બંનેનનો ભીતરી પ્રેમ એવો હોવો જોઈએ કે શિષ્યને પરમતતત્વના અનુભવ તરફ લઈ જાય અને સાથે સાથે ગુરુને પણ તત્વ અને તત્વાતિત પરાત્માના દર્શન કરાવવાનો પ્રેમ હોય તો પ્રગટે પ્રેમ જયોત પ્રકાશા.

વાણીના શબ્દો છે,

'તમે જોજો રે, આમાં જંતરીનો બજાવનાર કોણ છે !'

'તમે જોજો રે આમાં જંતરીનો બજાવનાર કોણ છે !' સર્વ પ્રથમ તો આ વિષય નથી જોવાનો કે નથી સમજવાનો કે નથી તો ભૌતિક મશીનથી સાંભળવાનો. તેમ છતાં સંતો જોવાની વાત કરે છે.

'અરજણ' સાહેબ શું કહે છે,જુઓ.....

❖ 'આતો દેખ્યા હોયતો કહીં બતલાવો, મોતી કેસા રંગા...'

'મીરાબાંઇ' કહે છે,

આમાં દરેક સંતોએ ભીતર જોવાનો અંગૂલી નિર્દેશ કર્યો છે.

'ભવાનીદાસ' કહે છે...

❖ 'તમે જોજો રે આમાં જંતરીનો બજાવનાર કોણ છે'

'જંતરી' તો વાગી રહીં છે પણ આમા જંતરીનો વગાડનાર કોણ છે ! તમે એને જોઇ લોઅનહદ નાદ તો વાગી રહયો છે .
આપણે રાત્રે બલ્બના અજવાળે બેઠા હોઇએ ત્યારે આપણે એ અજવાશને બે હાથ .એને તમે જુઓ ! પણ નાદ વગાડનાર કોણ છે
વડે પકડી શકતા નથી. બલ્બની તરફ માત્ર અમૂક અંશે જોઇ શકીએ છીએજે પરમતત્વની શોધમાં છે તે .જે લોકો તાર્કીક છે .
વિચારશ◌ કે, આ તત્વાતિત અજવાળું આવે છે ક્યાંથી ? એ બલ્બમાં વિધુત પાવર કયાંથી આવી રહ્યો છે તેને જાણવાનો પ્રયત્ન !
કરે છે. તો 'જંતરી' સાચા સંતોએ સાંભળી છે પણ તે સાંભળીને લીન બની ગયા એવા કેટલા ? એ મોટો પ્રશ્ન છેબ્રહ્મનાદની .
તેના માટે દાસી જીવણની ભ્રમણા .તે પણ મંથનનો વિષય છે ! અનુભૂતિ કરનારા મહાજન માટે નાદબ્રહ્મનું ઉદ્ગમ સ્થાન કયું છે
ભાંગવા માટે'ભીમ' સાહેબ ભજનવાણી રૂપમાં સન્દેશો મોકલે છે કે,

"જીવણ જીવને જ્યાં રાખીએ, ત્યાં વાગે અનહદ તૂરાં,
ઝીલમિલ જ્યોતું જળહળે, ને વરસે નિર્મળ નૂરાં."

'સંત ભવાનીદાસ' આગળના અંતરામાં કહે છે કે...

'નહીં એને તત્વ નહીં એને તાર'

ભવાનીદાસે પોતે સાક્ષાત્કાર કરી જંતરી સાંભળી પછી વગાડનારને જોયો અને પછી અનુભવથી કહયું કે, 'નહીં એને તત્વ નહીં એને તાર.' એને પાંચ તત્ત્વ પણ નથી એને તે કોઇ શ્વાસ-ઉચ્છવાસના તાર પણ નથી. ગગન મંડળમાં આ 'જંતરી' આપોઆપ વાગી રહીં છે.

એ વિશે સાક્ષી પૂરતાં 'સંત ભાદુરદાસ' કહે છે......

'શ્વાસ-ઉચ્છવાસનો તાર નહી,

છે પાંચ તત્વથી પારા,

એને અનુભવે કોઇ પ્યારા.'

એ ચૈતન્ય સ્વરૂપ છે. એને પાંચ તત્વ, ત્રણ ગુણ, શ્વાશ-ઉચ્છવાસ કશું જ નથી. આ બધાંથી પર પરમતત્વ છે. એની સાથે કંઈ જ ભૌતિક જોડાણ નથી.

આગળની કડીમાં સંત 'ભવાનીદાસે' ગાયું કે,

'એ બોલે બાવન બાર'

દરેક સંતોએ આ ચૈતન્યને બાવન બા'રનો વર્ણવ્યો છે પણ ઘણા મહાત્માઓ 'બાવન' શબ્દોની વાતને કહેતા નથી. કદાચ ગુપ્ત જ્ઞાન માનતા હશે કાં તો ભૂલી ગયા હશે. પરંતુ પંચીકરણમાં આ તત્વજ્ઞાનની વૈખરી કરવામાં આવી છે. ઘણા સંતોએ અથવા સંત સાહિત્યના અભ્યાસુઓએ 'બાવણ અક્ષર'ની વૈખરી દ્વારા ચોખવટ કરી છે. કિંતું ભૌતિક ચર્ચા દ્વારા ચોખવટ કરવી અને વાસ્તવિક અનુભૂતિ દ્વારા આ વિષયને આલેખવો એ ભિન્ન બાબત છે. કારણ કે પાંચ તત્વ કયાં ? તેનું સ્થાન કયાં ? આવેલું છે ? આવી જ રીતે ત્રણ ગુણ, પચ્ચીસ પ્રકૃતિ, વગેરેનું સ્થાન અને કાર્ય વિશે હકીકતે રજૂ કરવામાં આવે તો તો સાર્થક છે. મૂળ વાત એટલી છે કે, પાંચ તત્વ, ત્રણ ગુણ, પચ્ચીસ પ્રકૃતિ, પાંચ કર્મ ઇન્દ્રિય, પાંચ જ્ઞાન ઇન્દ્રિય, દસ દરવાજા, ચાર અંતઃકરણ, વગેરે મળીને બાવન શબ્દોનો વિષય બને છે અને આ બાવનની બહાર પરમાત્મા વ્યાપ્ત છે.

'સુખરામ બાપા' કહે છે.

'બોલતા પુરુષની બેહદ વાતું, પરખે કોઇ પરખન હારો,

'સુખરામ' કહે આ અસ્થિર મહેલમાં બોલે છે એ બાવન બારો.'

ભવાનીદાસ પણ કહે છે, 'નહીં એને તત્વ નહીં એને તાર, કહું તો કહેવાય નહીં, તે બોલે બાવન બાર' આને કહીં શકાય તેમ નથી. વર્ણવી શકાય તેમ નથી. માત્ર આને અનુભવી શકાય છે. એટલે કહ્યું છે કે, 'તમે જો જો રે, આમાં જંતરીનો બજાવનાર કોણ છે.'

સંતકવિ આગળ વાત કરે છે કે,

'વચનમાંથી વચન બોલે, બહું કરે પોકાર....'

હવે વચન એટલે શું ? એ વિસ્મયજનક છે. વચન એટલે શબ્દ નહીં. જો શબ્દ જ હોત તો બોલે બાવન બાર. એમ કેમ કહ્યું હશે ! આ તો બાવન શબ્દોથી પર છે અને વળી કહે છે કે 'વચનમાંથી વચન બોલે, બહું કરે પોકાર'.

'વચન' એ પિંડ-બ્રહમાંડથી પરની ગતિનો વિષય છે. એટલે જ 'પાનબાઇએ' 'ગંગાસતિ'ને ઉપદેશતાં ગાયું છે કે, 'પીંડ રે બ્રહ્માંડથી પર છે સદગુરુ મારો પાનબાઈ...' જયારે અનુભવ થાય ત્યારે જ ખ્યાલમાં આવે છે. અન્યથા વાતોના વડા કરવા જેવી ઘટના બની રહે છે. જગતમાં મોટા ભાગના સત્સંગીઓ અને અન્ય પણ વચનને શબ્દના બિંબામાં ગોઠવે છે. જે તદ્દન પાયા વિહોણી વાત છે.

'કબીર' સાહેબ કહે છે,

'સત્ય નિરખલે નીજ દેશમે, બચન બાતા મેં નાહીં...'

સાહેબ કબિર પણ તેઓના ભજનમાં પુરાવો આપે છે કે, વચન એ કંઇ વાતો કરવાનો વિષય નથી! વચન એ માત્ર ને માત્ર અનુભૂતિનો વિષય છે.

'ઉનમુન તત્વ હે ન્યારા, ઉસ મે સે નિકલા વચન,

વચન સે ભયા આકાશ, આકાશ સે ભયા રણુંકાર...'

સિદ્ધ યોગી ગોરખનાથ મહાત્માએ સ્વાનુભવ દ્વારા પાંચ મુદ્રાઓ જગતને ભેટ આપી છે. 'ચાચરી', 'ભૂચરી', 'ખેંચરી', 'અગોચરી' અને 'ઉનમૂનિ'. આ પાંચ મુદ્રાઓ જે જે સંતોએ સિદ્ધ કરી. તેમણે પોતાની ભજનવાણીમાં નિર્દેશ કર્યો છે.

'ઉનમુન તત્વ' એ સ્વાશ-ઉછ્વાસ અને દ્રષ્ટિની ક્રિયા સાથે જોડાયેલું છે. ઉનમુન તત્વ, જે પિડં બ્રહમાંડથી પર છે. તેનું નામ પરમાત્મા.

જેને ગંગાસતી કહે છે.....

'જથારથ વચનની સાન જેણે જાણી પાનબાઇ,
તેને કરવુ પડે નહી કાંઇ.'
આથી આગળ પણ 'પાનબાઇ' સમજાવે છે કે,
'પીંડ રે બ્રહ્માંડથી પર છે, સદગુરુ મારો પાનબાઇ.'
એક 'સંત સફરુદીન' કહે....
'જથારથ જાણવા જેવુ છે, ઉનામિ અલખ ભાઇ.'
'મોતીરામ' સાહેબ કહે છે.....
'વચન અનુભવ્યાના પ્રમાણ,
તે બોલે એમ થયાના પ્રમાણ.'

દરેક સંતોએ વચન અને શબ્દને જુદો કહ્યો છે. આપણને તત્ત્વ ચૈતન્ય આત્માનો અનુભવ પણ વચન અનુભવ્યા પછી જ થાય છે. એ વચન આપણી ભીતર છે, જે ચૈતન્ય છે. એ પિંડ-બ્રહ્માંડથી પર છે. જે ભીતર બોલી રહ્યું છે. પોકાર કરી રહ્યું છે. એનો અનુભવ કરવાનો છે. જાણવાનો છે. માણવાનો છે.

'ન જોવાય રૂપ એનું ન પમાય પાર,
કહું તો કહેવાય નહીં, એ બોલે બાવન બા'ર
તમે જોજો રે આમા જંતરીનો બજાવનાર કોણ છે.'

અત્યંત્ય અનુભૂતિની વાત મૂકી છે, પણ આ તો દેશી મળે તો કરીએ દેશની વાતો, પરદેશી શું જાણે ! જેવી વાત છે. એ આત્મતત્ત્વ આ ભૌતિક રૂપથી ન્યારું છે. વાસ્તવમાં આ ભૌતિક આંખથી દેખાય તે માયા છે. અર્થાત એ પ્રકૃતિની સાથે જોડાયેલું ઈશ્વરીય અંશ છે. આ ભૌતિક માયાને માણીને જાણીને, સમજીને એને ભીતરી અવસ્થામાં લીન કરી નાખવાની છે. દેહ છે ત્યાં સુધી પ્રકૃતિ અને માયા છે, પણ માત્ર ભૌતિક વ્યવસ્થા પુરતી જ. માયાનો મોહ અને વળગાડ હોવો જોઈએ કિંતુ એની પણ મર્યાદા દર્શાવવામાં આવી છે. એટલે જ 'મોતીરામ' ભગતે એક સાખીમાં ગાયું કે, "માયા મોટી નાગણી, પોતાના બછ્લાંને ખાય, એમાંથી જો કોઈ ઉગરે તો મોટો મણિધર થાય." ભીતર જયારે આત્માના દર્શન થયા ત્યારે સંતોએ એને ભૌતિક રૂપથી ન્યારું કહ્યુ છે.

'ન જોવાય રૂપ એનુ ન પમાય પાર...'

તત્વ રૂપ-રંગથી ન્યારું છે. એને રૂપ નથી કે રંગ પણ નથી. એ અવર્ણનિય પદ છે. એ નિર્ગુણ છે. શરીરની મર્યાદા ગુણ સાથે જોડાયેલી છે. કાયા સગુણ ચીજ સાથે જ સંસર્ગમાં આવી શકે છે. જ્યારે આત્મા નિર્ગુણ વસ્તું છે. એટ્લે આ ભૌતિક દેહથી એને પામી શકાતું નથી.

'જીવણ' સાહેબ કહે છે,
'કોઇ રંગ રૂપથી ન્યારા, ઉસમે કયાં જાને સંસારા...'
આ તત્વને રૂપ-રંગ નથી છતાં સંતોએ જોયું છે અને કહ્યુ પણ છે.
લક્ષ્મીસાહેબ કહે છે.......
'અગમથી આવ્યો જોગીડો અગમથી આવ્યો,
રૂપનો રે સ્વરૂપ જોગીડો અગમથી આવ્યો.'

પૃથ્વી પર અમરત્વ પામી ગયેલા તમામ સંતો પાસે એક જ સૂર સંભળાય છે કે, પરમ આત્માનું રૂપ જોવાય એવું નથી. કારણ કે, તે અરૂપ છે. પરંતુ બુદ્ધિજીવી વર્ગમાં ઘણા બધા પ્રશ્નો જન્મતા હો છે કે, જો એ દ્રષ્ટિમાં ન આવનારું તત્વ હોય તો સંતોએ આ વાતને અભિવ્યક્ત કંઈ રીતે કરી ! જો આત્માને જોઇ ના શકાતો હોત તો વાત આવી ક્યાંથી ! જીવણસાહેબ કહે છે...'જો હાલીયો જાય, વયો જાય.' એમ કેમ કહયું હશે ? હા ચોકકસ એ માયાવી જગતનુ રૂપ નથી. એટલે સંતોએ એને અરુંપ કહ્યું છે. વળી પાછું 'લક્ષ્મી સાહેબ' કહે છે કે,

'સભી રૂપથી સવાયો છે એ...'

એને આ ચર્મચક્ષુથી જોઇ શકાતો નથી એટલા માટે એનો પાર પામી શકાતો નથી. એટલે ભવાનીદાસે કહ્યું છે કે, 'ન પમાય પાર.' 'ભવાનીદાસે' ગાયું છે કે, 'કહું તો કહેવાય નહીં, એ બોલે બાવન બા'ર...'

એ આત્મ તત્વને શબ્દો દ્વારા વર્ણવી શકાય તેમ નથી. એટલા માટે સંતોએ તેને અલખ કહ્યો છે. તે અવર્ણનીય છે.

'મુખથી કહું તો જગ તરે,
પણ જીભથી એ કહ્યો નવ જાય...'

બોલીયે છીએ છતાં એ વર્ણનમાં આવે એમ નથી. એટલા માટે સંતો એને માત્ર પ્રતીકાત્મક રીતે વર્ણવે છે.

'અનુભવી સાહેબ' કહે છે.....

'બાવન અક્ષર સર્વે દેહમાં,
બાવનને જાણનારો પરદેહમાં.'

❖ 'જ્ઞાન ધ્યાન છંદ રાગ, પહોંચે નહીં વૈરાગ,
ભોજનીયા એને ભાવે નહીં, એને વચનનો આહાર,
તમે જો જો રે આમાં જંતરીનો બજાવનાર કોણ છે !'

એ અવસ્થા ઉપર ગયા પછી 'ભવાનીદાસ' વર્ણન કરે છે, પહેલા 'જંતરી' સાંભળી, સાંભળ્યા પછી વગાડનાર કોણ છે ! એની વાત કરી. વગાડનારને જોયા બાદ એ કેવો છે ! કેવી રીતે ક્યાં છે? એની વાત કરી અને પછી કહે છે, એને જોયા બાદ ત્યાં શુ નથી પહોંચી શકતું અને તેનો આહાર વિહાર પણ છે અને કેવો છે ! તેની પ્રસ્તુતિ ઉપરની કડીઓમાં આપણને જણાય છે.

- જ્ઞાન એટલે ભીતરની પ્રજ્ઞા.
- ધ્યાન એટલે ઉનમુનિ મન.
- છંદ એટલે અક્ષરોની ભીતરી વૈખરી.
- વૈરાગ એટલે અંદર જે વાણી ફૂટી, ભજન જાગ્યું તે. જે લગની લાગી તે.

વૈરાગ એટલે મનુષ્ય જન્મની સાથે મૂળ ભૂમિકા હતી કે, 'હું કોણ છું ?' તે જાણવાનો ભાવ. જે જન્મ સાથે જ મળેલી ગૉડ્ગીફ્ટ વૈરાગ અવસ્થા. તેવી વ્યક્તિ પણ ત્યાં પહોંચી શકતી નથી. જ્ઞાન એટલે જ્યાં પ્રજ્ઞા પણ નથી પહોંચતી. ધ્યાન ઉનમુનિ અવસ્થા છે. ધ્યાન પણ ત્યાં પહોંચી શકતું નથી. તો હવે ઘણા કહેવાતા મૂંઢ ગુરુવાઓ આ શબ્દો પકડીને બોલવા લાગ્યા ત્યાં ધ્યાન પણ નથી પહોંચતું, તો ધ્યાન ધરવું શા માટે ? આવા મૂંઢને સંતો ટકોર કરે છે કે, 'હે મૂઢ, ધ્યાન ધર્યા વિના તને દીદાર નક્કી કેમ થાશે!'

એટલા માટે સાહેબ કબીર કહે છે,,

'દરશન બિના મત છોડો ધ્યાના
ધ્યાન બિના સબ ફોગટ જ્ઞાના.'

અને વળી પાછા કહે છે,

'ક્ષણ એક ધ્યાન વિદેહી સમાય, તાકી મહીમા વરણી નો જાય,
ધ્યાન વિદેહી ઓર નામ વિદેહી, સાહેબ વિદેહી કોઇ વીરલા પાઇ.'

હવે આ ક્રિયા કોઇને કરવી નથી અને એવા લોકો ધ્યાન રાખવામાં લાગ્યા. 'મેડીટેશન' એ ધ્યાન રાખવાની ક્રિયા નથી કે તે કરવાની ક્રિયા પણ નથી. તે થઈ જવાની ઘટના છે. ઘણા જિજ્ઞાસુ પૂછતા હોય કે, 'ધ્યાન ધરવાનું કે રાખવાનુ છે?' 'શું ધ્યાન રાખવાનુ છેં?' ત્યારે સિદ્ધો ભીતરથી મરક મરક હસતા હોય અને મજાકમાં પ્રત્યુત્તર પણ આપે કે, "આપણી ચેલાઓની ફૌજ તૂટી ન જાય તે ધ્યાન રાખવાનું. તમારા શિષ્ય બીજો લઇ ન જાય અથવા છટકી ન જાય એ ધ્યાન રાખવાનું. કોઇ અન્યને ભ્રમિત કરવા માટે ખોટી રહેણી કરણીનો ડોળ કરવાનું ધ્યાન રાખવાનું. ખોટા વિવેકનો દેખાવ કરવાનો ધ્યાન રાખવાનું છે." બસ, આ ભૌતિક ધ્યાન રાખવાનુ છે!! 'શંકરાચાર્યજી' પણ કહેછે. 'ભજ મન ગોવિંદ મૂઢ મતે' એટલે કે, મૂંઢ મતિથી ભગવાન ન ભજાય.

'ભવાનીદાસ' આગળ વાત કરે છે કે,

'ભોજનીયા એને ભાવે નહી, એને વચનનો આહાર...'

એ તત્ત્વનો દીદાર થાય પછી તેને આ કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષા, રાગ, દ્વેષના ભોજનિયાં ભાવતાં નથી. એ તો માત્ર વચનમાં રમણ કરતો હોય છે.

'ગંગાસતી' કહે છે,

'વચનમાં રહે એને મહાસુખ ઉપજે'

પછી તત્ત્વ વચનમાં, વચન તત્ત્વમાં, અરસ પરસ થઇ જાય. જે તત્વને માત્ર વચનનો આહાર રહે છે.

''શેષ અખર ધૂન લાગી, વચન રણુંકાર,

જંતરી ભવાની દાસની એને નામનો આધાર.'

હવે અંતમાં 'સંત ભવાનીદાસ' કહે છે કે, 'શેષ અખર ધૂન લાગી.' બધો જ અનુભવ કરતાં કરતાં જે 'શેષ' રહે છે તે શૂન્ય શીખરમાં નાદ વાગી રહ્યો છે. જ્યાં વચનનો રણુંકાર થઈ રહયો છે. સર્વે નાદનું ઉદગમ સ્થાન એવા 'વચન'ના માધ્યમથી 'રણુંકાર' થઈ રહ્યો છે ત્યાં ધૂન લાગી છે.

કબીરસાહેબ કહે છે,

'મે મેરી મમતાકો માર હટાયા, વેરસે વૈર ચલાયા,

કહત 'કબીરા' અંતર ધૂન લાગી તબ તેજ મેં તેજ મિલાયા.'

જયારે ભીતર 'શૂન્ય શીખર'માં ધૂન લાગી ત્યારે આપાપણું મટી જાય છે. ધૂનના બે અર્થ થાય છે. એક અવાજ અને બીજો લીન થવું, સ્થિર થઇ જવું. ધૂનમાં રમણ થવું. એક થઈ જવું. અહીં ધૂનમાં એ જ શબ્દ લાગુ પડે છે. અંતર ધૂનમાં મગ્ન થઇ જવું. ત્યારે વચનનો 'રણુંકાર' અનુભવમાં આવે છે. વાતો કરવાથી અને આખી રાત ભજન ગાવાના રાગડા તાણવાથી નહીં. આવી જંજાળથી છેટા સારા અન્યથા બાવાના બે બગડવાની પૂરી શક્યતાઓ છે.

અંતે ભવાનીદાસ કહે છે કે,

'જંતરી ભવાની દાસની, જેને નામનો આધાર.'

અહીં 'ભવાનીદાસે' નામના ગુણગાન ગાયા છે. ભજનમાં 'જંતરી'ને નામનો આધાર બતાવવામાં આવ્યો છે. હા, નક્કી સંતોએ નામના ગુણ ગાયા છે પણ ઉપજાવેલુ નામ નહીં. 'નામ' તો ભીતર વિદેહી છે. આપણે સ્વરૂપી નામમાં પડ્યા છીએ. આ માયાવી જગતનું રૂપ 'નામ' નથી. 'જંતરી'ને નામનો આધાર છે. 'જંતરી' વગાડનારને નહીં. આમાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે, 'તમે જો જો રે, આમાં જંતરીનો બજાવનાર કોણ છે!' 'જંતરી' વાગી રહીં છે. એને ભીતરી વિદેહી નામનો આધાર છે. મારું કે તમારું નામ નહી. મેલડી, કાળકા, ધોળકા, નરેંદ્ર, ચીકુ, બદામ, કાજુ, શક્કરટેટી, રામ, કૃષ્ણ આ નામ નહીં. આ બધાં નામ ક્ષર છે. એ નામ તો 'અક્ષર' છે. 'અક્ષરાતીત નામ' વિદેહી છે. તે 'જંતરી'ને નામનો આધાર છે. બાકી વગાડનાર તો નામથી ઘણો ઉપર છે.

એટલા માટે સંતોએ સમગ્ર સાધનાગત અનુભૂતિને ટૂંકસારે વર્ણવી આપ્યું છે કે,

શ્રવણેથી રેડ્યો, રુદિયા-કમળમાં હુઓ રણુંકારા,

રણુકાર પર જણુંકારા, જણુંકાર પર જ્યોતિ,

જ્યોતિ પર અભયશૂન, વહાં બસત હૈ મોતિ,

સંદર્ભસૂચિ :-

૧જોધા પ્રતાપે ભણે ભવાનીદાસ .' .નટુદાસ ધરમદાસ મકવાણા .લે .

૨ .'સત કેરી વાણી'. લેનવભારત સાહિત્ય મંદિર -પ્રકાશક .મકરંદ દવે ., અમદાવાદ .

૩ગુજરાતની આંતર ચેતના ભાગ .'.નાથાલાલ ગોહિલ.ડૉ .લે.૧ –

૪ .''ગુજરાતની આંતર ચેતના ભાગ'નવભારત સાહિત્ય મંદિર -પ્રકાશક.નાથાલાલ ગોહિલ.ડૉ .લે .૧ – ,અમદાવાદ .

૬ 'મહાપંથી સંત ભજનના સમયની રૂપરેખા અને સંતો.

૭ .'હરિજન સંત અને લોકસાહિત્ય .દલપત શ્રીમાળી.ડૉ .લે (કંઠસ્થ થી ગ્રંથસ્થ).